

**મોડાસા સર્વોદય સ્કૂલના છાત્રોએ કાગળની થેલી બનાવી પ્લાસ્ટીક મુક્તનો સંદેશો પાઠવ્યો**

મોડાસા કેળવણી મંડળ સંચાલિત સર્વોદય હાઈસ્કૂલના છાત્રાઓએ શહેર અને ગામડાઓને પ્લાસ્ટિક મુક્ત બનાવવાની નેમ સાથે કાગળની થેલીઓ બનાવી દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સ્વપ્નને સાકાર કરવા અને નગરને સ્વચ્છ બનાવવા પ્લાસ્ટિકની થેલીઓનો ઉપયોગ અટકાવવા અને આરોગ્યને થતા નુકશાનને ધ્યાને લઈ મોડાસાની સર્વોદય હાઉસ્કુલના છાત્રાઓ કાગળની થેલીઓ બનાવી અનોખો પ્રયાસ કર્યો હતો. આ પ્રશ્નગે અરવલ્લી જિલ્લા પ્રભારી અને વનમંત્રી રમનભાઈ પાટકર, પી.સી. બરંડા, મહેભાઈ ભટ્ટ, ન.પાલિકા પ્રમુખ શુભાષ શાહ, રણવીરસિંહ, શિક્ષણ અધિકારી એ.પી. ઝાલા સહિત શાળાના સંચાલકો શિક્ષકમિત્રો અને કાર્યક્રમમાં હાજર રહી નગર પ્લાસ્ટિક મુક્ત બને તે માટેનો સંદેશો પાઠવ્યો હતો.

# મોડાસા શહેર ડેન્ગ્યુગ્રસ્ત : શહેરીજનો બીમારીની ઝપેટમાં

મોડાસા, તા. ૨

અરવલ્લી જીલ્લા સહીત મોડાસા શહેરમાં સતત બદલાતા વાતાવરણ અને બપોરે અસહ્ય ગરમી સાથે રાત્રી અને વહેલી સવારે ફૂલ ગુલાબી ઠંડીમાં મચ્છરજન્ય રોગચાળો વકર્યો છે. મોડાસા શહેરમાં ડેન્ગ્યુની ઝપેટમાં શહેરીજનો સપડાતા ડેન્ગ્યુગ્રસ્ત બન્યું હોય તેવું નગરજનો અહેસાસ કરી રહ્યા છે. જીલ્લા આરોગ્ય વિભાગ દ્વારા શહેરમાં પ્રસરેલા રોગચાળા અને ડેન્ગ્યુના આંકડાની ભ્રમણા સર્જી નિષ્ફળતા છુપાવવાનો પ્રયત્ન કરી રહ્યા હોય



તેવું લોક મુખે ચર્ચાઈ રહ્યું છે. મોડાસાની ખાનગી હોસ્પિટલોમાં રોજના એનએસ-૧ એન્ટીજન પોઝેટીવ રિપોર્ટ ધરાવતા દર્દીઓ નોંધાઈ રહ્યા છે. જેને જીલ્લા આરોગ્ય વિભાગ દ્વારા શંકાસ્પદ ડેન્ગ્યુ ગણી હાશકારો અનુભવી રહ્યા છે. મોડાસા શહેરમાં એડીસ મચ્છરનો શિકાર બાળકો બની રહ્યા છે.

મોડાસા શહેરમાં ડેન્ગ્યુ પોઝેટીવ દર્દીઓ છેલ્લા કેટલાક વર્ષોથી ગણ્યા ગાંઠ્યા માત્રામાં મળી રહેતા આરોગ્ય વિભાગની નિષ્ફળ કામગીરી ઢંકાઈ રહેતી હતી પરંતુ છેલ્લા ૧૫ દિવસમાં શંકાસ્પદ ડેન્ગ્યુમાં અત્યાર સુધી ઓલ ટીમે હાઈ રહેતા ડેન્ગ્યુના વાવરે હાહાકાર મચાવ્યો છે. ખાનગી હોસ્પિટલો અને ક્લિનિકમાં સારવાર માટે બીમાર દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે.

મોડાસાના નગરજનોમાં ડેન્ગ્યુ નામની મચ્છરજન્ય બીમારી એટલી હદે ઘર કરી ગઈ છે કે સામાન્ય તાવની અસર હોવ છતાં ડેન્ગ્યુ તો નહિ થયો હોયની ચિંતામાં ગરકાવ થઈ તાબડતોડ મોંઘીદાટ સારવાર માટે દવાખાને દોડી જતા હોય છે. શહેરના સમગ્ર વિસ્તારમાં ફોગીંગ અને સર્વેની કામગીરી હાથ ધરવામાં આવેની માંગ પ્રબળ બની છે.

# તલોદના જેઠાજી મુવાડાને દોઢ વર્ષે પણ પંચાયત ઘર નથી મળ્યું

તલોદ, તા. ૧

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના જેઠાજીના મુવાડા ગ્રામ પંચાયત આંત્રોલી ગ્રામ પંચાયતથી વિભાજન થયાને લગભગ દોઢ વર્ષનો સમયગાળો વિતી ચૂક્યો હોવા છતાં પંચાયત ઘરના મકાનની સુવિધા પુરી ન મળતાં પ્રજાજનો કેટલીક આપદાનો ભોગ બની રહ્યા છે. અહીં નિર્માણ પામતા ગ્રા.પં.ના મકાનના નિર્માણનું કામ ચારેક માસથી ખોરંભે પડ્યુ છે. ગ્રાન્ટના અભાવે અહીં બીજા માળનું કામ ખોરંભે પડ્યુ હોઈ, જેઠાજીના મુવાડા તથા તેના પેટા પરા વસ્તાજીના મુવાડા અને સુરપુર ગામના ગ્રામજનો કેટલીક બાબતે નાહકની આપદાનો ભોગ બન્યા છે.

જેઠાજીના મુવાડા, વસ્તાજીના મુવાડા તથા સુરપુર ગામની વસ્તીનો આંક લગભગ ૨૦૦ જેટલો છે. આ ગામ આંત્રોલી ગ્રુપ ગ્રામ પંચાયત સાથે વર્ષોથી જોડાયેલા હતા. જેથી પંચાયતના આવશ્યક કામો માટે આ વિસ્તારના પ્રજાજનોને બારેક કિ.મી.નું અંતર કાપી હરસોલ થઈને આંત્રોલી જવું પડતું હતું. જેથી આ પંથકના પ્રજાજનોએ પોતાને અલગ ગ્રા.પં. મળે તે માટે કરેલ ધારદાર રજૂઆતોના પરિણામ સ્વરૂપે ગત વર્ષના જૂન માસના ગાળા દરમ્યાન સરકારે જેઠાજીના મુવાડા ગ્રા.પં.નું વિભાજન કરતાં અલગ પંચાયત મળી હતી.

પરંતુ આજદિન સુધી પંથકનું રેવન્યુ રેકર્ડ આંત્રોલી ગ્રા.પં. દફતરે જ હોઈ ઘરે વેરા તથા વિઘોટીની રકમ ભરવા જેવી બાબતોમાં પણ અહીંના પ્રજાજનોને આંત્રોલી જ જવું પડે છે. ક્યારેક તલાટી કમ મંત્રી અહીં કર વસુલાત કરે છે. પરંતુ આકારણી કે અન્ય દસ્તાવેજની તાકિદે જરૂર પડે ત્યારે ગ્રામજનોને બારેક કિ.મી.નું અંતર કાપી આજે પણ આંત્રોલી જવાની ફરજ પડી રહી છે. જેઠાજીના મુવાડા ગ્રા.પં.ના મહિલા સરપંચ સરોજબા વિજયસિંહ ઝાલા, વ.ક. સમિતિના સદસ્યો તથા પંથકના ગ્રામજનોની માંગ છે કે, તાકિદે પંચાયત ઘરના મકાનનું બાંધકામ સરકાર પૂર્ણ કરે અને રેવન્યુ રેકર્ડ પણ અલગ કરી આપે.

# જવાહર નવોદય વિદ્યાલયમાં પ્રવેશ પરીક્ષાના ઓનલાઈન અરજી ૩૦મી સુધી કરાશે

મોડાસા, તા. ૨

જવાહર નવોદય વિદ્યાલય, ધનસુરા, જી. અરવલ્લી ખાતે વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન ધોરણ ૯ માં પ્રવેશ માટેની પ્રવેશ પરીક્ષા તારીખ ૨-૨-૨૦૧૯ના રોજ યોજાનાર છે. ચાલુ શૈક્ષણિક સત્ર ૨૦૧૮-૧૯ માં અરવલ્લી જીલ્લાની કોઈપણ સરકારમાન્ય શાળામાંથી ધોરણ ૮નો અભ્યાસ કરતા હોય અને ૧-૫-૨૦૦૩ અને ૩૦-૪-૨૦૦૭ (બન્ને દિવસો સમાવિષ્ટ) વચ્ચે જ જન્મેલા હોય તેવા ઉમેદવારો આ પ્રવેશ પરીક્ષા આપી શકશે.

સદર પ્રવેશ પરીક્ષા અંગેની વિગતવાર માહિતી માટે નવોદય વિદ્યાલય સમિતિની વેબસાઈટ www.navodaya.gov.in અને વિદ્યાલયની વેબસાઈટ www.jnvarvalli.rog ઉપર ઉપલબ્ધ છે. આ વિનામૂલ્યે ઓનલાઈન અરજી કરવાની પ્રક્રિયા તારીખ ૧૫-૧૦-૨૦૧૮થી શરુ થશે અને આ પ્રવેશ પરીક્ષા માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ ૩૦-૧૧-૨૦૧૮ છે. અન્ય કોઈ માહિતી/માર્ગદર્શન માટે ધનસુરા, જી. અરવલ્લી ૩૮૩૩૧૦ તથા (મોબાઈલ નંબર ૯૪૯૯૮૫૭૬૫૭) સંપર્ક કરવા જવાહર નવોદય વિદ્યાલય, ધનસુરાના પ્રિન્સીપાલે જણાવાયું છે.

# ઓછા ટીડીએસવાળું પાણી આપી શકે છે બીમારીને આમંત્રણ : ડો. સુનિલ જોશી

આજના આ ફાસ્ટ યુગ માં મોટા ભાગના સિટી વિસ્તાર માં રહેતા લોકો ઘરની અંદર આરો સિસ્ટમ લગાવી અને પોતાના પીવાના પાણીને શુદ્ધ કરતા હોય છે. આજના સમયમાં કોઈ પણ કંપની પોતાનો ઉત્પાદ વેચવા માટે મીડિયામાં મસમોટી જાહેરાતો આપી અનેક પ્રકારની મનઘડત કહાનીઓ રચી નાખતા હોય છે જેથી કરીને મોટાભાગના લોકો પોતાના ઘરની અંદર આરો સિસ્ટમ ફીટ કરાવી અને તેના દ્વારા ફિલ્ટર થતું પાણી પીવાનું પસંદ કરતા હોય છે. પરંતુ શું તમને ખબર છે કે હકીકતમાં આરો પ્લાન્ટ ની અંદર તમારું પાણી શુદ્ધ થાય છે કે નહીં?

પહેલાના જમાનમાં જ્યારે આરો સિસ્ટમ ન હતી ત્યારે પણ માણસો પીવાના પાણીને સાફ કરીને જ પીતા હતા. આમ છતાં પણ કોઈ પણ વ્યક્તિ બીમાર પડતા ન હતા. કદાચ તમને ખબર નહીં હોય પણ આજના સમયમાં મોટાભાગના લોકો વારંવાર બીમાર પડે છે તો તેની પાછળનું કારણ તમારા ઘરની અંદર ફીટ કરવામાં આવેલી આરો સિસ્ટમ છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને પણ જણાવેલું છે કે આરો વાળું પાણી પીવા થી ઘણું બધું નુકશાન થાય છે. મીડિયા સાથે ની વાતચીતમાં પાલનપુર ના તબીબ ડો. સુનિલ જોષી એ જણાવ્યું હતું કે આરો નું પાણી પીવાના કારણે શરીરમાં થતી બીમારીને આમંત્રણ આપે છે અને જો આર.ઓ નું પાણી પીવું હોય તો પાણીનું ૩૦૦ થી ૫૫૦ ટીડીએસ વચ્ચે અને ૧૦૦૦ ટીડીએસ કરતા વધારે ન હોવું જોઈએ.



**ધનસુરા તાલુકાના ભેસાવાડા ગામે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો**

સરકાર દ્વારા લોકોની રજુઆતોની કામગીરી ઝડપથી થાય એ માટે સરકારે સેવાસેતુ કાર્યક્રમ શરૂ કરેલ છે. સેવાસેતુ કાર્યક્રમથી લોકોની કામગીરી સરળતાથી થઈ રહી છે. ધનસુરા તાલુકાના ભેસાવાડા ગામે પ્રાથમિક શાળા ખાતે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં આજુબાજુના ૮ થી વધુ ગામના લોકોએ લાભ લીધો હતો. આ કાર્યક્રમમાં ૮૦૦થી વધુ લોકોએ લાભ લીધો હતો. લોકોની રજુઆતોનો સ્થળ પરજ નિકાલ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં લોકોને આવકના દાખલા, જાતિનું પ્રમાણપત્ર, પાણી પત્રક, રેશનકાર્ડ, આધારકાર્ડ, ચૂંટણીકાર્ડ, મા અમૃતમ યોજના, આધારકાર્ડને લગતી કામગીરીઓ કરાઈ હતી. આ કાર્યક્રમમાં ગામલોકો અને અજુબાજુના ગામ લોકોએ લાભ લીધો હતો. આ કાર્યક્રમમાં ધનસુરા મામલતદારશ્રી, ધનસુરા તાલુકા પંચાયતના પ્રમુખ કનુભાઈ પટેલ, નટુભાઈ દેસાઈ, ભાવેશભાઈ પટેલ, ભગવાનભાઈ ભરવાડ સહિત સરપંચો ધવલભાઈ દેસાઈ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# પાલનપુરની બનાસ મેડિકલ કોલેજને મળ્યું પ્રથમ દેહદાન

પાલનપુર, તા. ૨

જિલ્લામથક પાલનપુર ખાતે શ્રી ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત બનાસ મેડિકલ એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટમાં વિદ્યાર્થીઓના અભ્યાસ અર્થે પ્રથમ દેહદાન મળતા ટ્રસ્ટીમંડળે દાતાઓનો આભાર વ્યક્ત કરી આ સેવાકાર્યની સરાહના કરી હતી.

ઊંઝાના પૂર્વ ધારાસભ્ય નારાયણભાઈ પટેલના ધર્મપત્નિ બબીબેનનું તાજેતરમાં નિધન થયેલ. સ્વ. બબીબેન સેવા કાર્યોમાં કન્યા કેળવણી સાથે અનેક રચનાત્મક કાર્યોમાં હંમેશા અગ્રેસર હોઈ તેમની અંતિમ ઈચ્છા મૃત્યુ બાદ દેહદાનની હતી. ત્યારે ૨૫ ઓક્ટોબરના રોજ તેમનું અવસાન થતા તેમની અંતિમ ઈચ્છા મુજબ પાર્થિવ દેહનું પાલનપુરની બનાસ મેડીકલ કોલેજમાં દાન કરાયુ હતું.

બનાસ મેડીકલ કોલેજમાં વિદ્યાર્થીઓના અભ્યાસ અર્થે દેહદાન મળતા જી.એન.પી.સી. ટ્રસ્ટના ચેરમેન માવજીભાઈ દેસાઈ, ટ્રસ્ટી મંડળ તેમજ મેડિકલ કોલેજના ડીને દેહદાન આપનાર સ્વર્ગસ્થને શ્રદ્ધાસુમન અર્પણ કરી, દેહ દાતાના સમગ્ર પરિવારનો આભાર વ્યક્ત કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે જીવનમાં રક્તદાન અન્યને નવજીવન બક્ષે છે તો ચક્ષુદાન તથા શરીરના અન્ય અંગોના દાન પણ જરૂરીયાતમંદ માનવીને જીવન જીવવાનો ઉત્સાહ આપે છે. જ્યારે સમગ્ર શરીરનું દાન કરવાથી તબીબી ક્ષેત્રે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પણ શરીરના વિવિધ અવયવોનું જ્ઞાન આપવા સાથે નવા સંશોધનોમાં મહત્વનું પ્રેરકબળ પુરૂ પાડે છે.

**મેઘરજના રામગઢી ગ્રામ પંચાયતની ચૂંટણીમાં**

# ભૂતિયા બુથ પર ઘર્ષણ મામલે અસરગ્રસ્તોની મુલાકાતે પ્રભારી મંત્રી

મેઘરજ, તા. ૨

મેઘરજના રામગઢીમાં ગત ૨૨ તારીખે યોજાયેલ ગ્રામપંચાયતની ચૂંટણીમાં ભૂતિયા બુથ પર ઘર્ષણ સર્જાયું હતું. તંત્ર અને મતદારો વચ્ચે થયેલા ઘર્ષણમાં પોલીસ અને મતદારોના ઘર્ષણ બાદ મંત્રી રમનભાઈ પાટકર સમક્ષ રજૂઆત કરી હતી. વહીવટીતંત્ર અને મતદારો વચ્ચે ઘર્ષણમાં ભૂતિયા વિસ્તારના ૭૦ નામ જોગ અને ૨૦૦ના ટોળા સામે નોંધાઈ હતી. મંત્રી રમણ પાટકરના પ્રયાસથી તમામ લોકોએ પરત ફરવા વિનંતી તે માટે પ્રયત્નો હાથ ધરવા કલેકટર અને પોલીસ વડાને તાકીદ કર્યા હતા. વધુમાં ગામમાં શાંતિ સુલેહ જળવાય તે માટે મંત્રી રમણભાઈ પાટકર અને અરવલ્લી જિલ્લા પોલીસ વડાએ ગ્રામજનોને વિનંતી કરી હતી. મંત્રીના મુલાકાત કાર્યક્રમ



ગામમાં ભારેલા અગ્નિ જેવો માહોલ સર્જાયો હતો. પોલીસ ફરિયાદના રાયોટિંગના ગુનાના ડરથી હિજરત કરનાર પરિવારના લોકોની જિલ્લા પ્રભારી મંત્રી રમણ પાટકરે મુલાકાત લીધી હતી. પોલીસ દમનથી ગભરાયેલા લોકોમાં મેઘરજ પોલીસના કર્મીઓને બદલી કરવા, કરી હતી અને ગ્રામજનો અને પોલીસ વચ્ચેના ઘર્ષણ મામલે મેઘરજ પીએસઆઈ અને બીટ જમાદારની બદલી કરવાની ખાત્રી આપતા ગ્રામજનોએ હાશકારો અનુભવ્યો હતો. ૨૨ ઓક્ટોબરના રોજ નોંધાયેલ ફરિયાદના આરોપીઓને ઝડપથી જામીન મળે દરમિયાન જિલ્લા સદશ્ય ભિખાભાઈ ડામોર, નિવૃત્ત આઈપીએસ અધિકારી અને જિલ્લા ભાજપ સંગઠનમાં સક્રિય એવા પી.સી. બરંડા, ભાજપ અગ્રણી કાળુભાઈ ડામોર સહિતના ભાજપ પદાધિકારી કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# મિશન વિદ્યામાં શિક્ષકોએ આંટા જ માર્યા છે પછી પરિણામ ક્યાંથી મળે

## રાજ્યના પ્રાથમિક શિક્ષણ નિયામકે બનાસકાંઠા જિલ્લાના શિક્ષકોનો ઉધડો લીધો

## પાલનપુરમાં મિશન વિદ્યા શૈક્ષણિક કામગીરીની સમીક્ષા માટે સેમીનાર યોજાયો

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં મિશન વિદ્યા અંતર્ગત થયેલી કામગીરીમાં ડીપીઓથી માંડી શાળાના શિક્ષકોએ માત્ર આભાસી આંકડા જ ઉભા કર્યા છે. મિશન વિદ્યાનું મુળ મિશન નબળા બાળકોને બહાર લાવવાનો ઉદેસ્ય પરિપૂર્ણ થયો નથી. જે સરકારી શાળાના શિક્ષક તરીકે શરમજનક બાબત કહેવાય મિશન વિદ્યાનો દોઢ મહિનો શાળામાં આંટા જ માર્યા છે. તો પરિણામ કયાંથી મળે ? તેમ પાલનપુર ખાતે કાનુભાઈ મહેતા હોલમાં યોજાયેલા મિશન વિદ્યા શૈક્ષણિક કામગીરીના સેમિનારમાં બોલતાં રાજ્યના પ્રાથમિક શિક્ષણ નિયામકે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, જિલ્લાના તાલુકા શિક્ષણાધિકારી, બીઆરસી, સીઆરસી સહિત શિક્ષકોનો રીતસરનો ઉધડો લીધો હતો.

**મિટીંગનો મુળભૂત હેતુ શિક્ષકોને શરમજનક સ્થિતિમાંથી બહાર કાઢવાનો છે**

શિક્ષકોના સેમીનારમાં પ્રશ્નોત્તરી બાદ નિયામકે તેમના વકતવ્યમાં જણાવ્યું હતુ કે, તમે તમારા બાળકોને સરકારી સ્કુલમાં અભ્યાસ માટે બેસાડતા નથી. અને બીજા ગરીબ અને મધ્યમવર્ગના વાલીઓ બાળકો સરકારી શાળામાં તમારા ઉપર વિશ્વાસ મુકીને અભ્યાસ માટે મુકે છે. પરંતુ શિક્ષકો પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક નિભાવતા નથી. ૧૭ વર્ષથી રિજલ્ટ નથી મળતું. જો સરકાર ધારે તો તમને પાણીચુ પણ આપી શકે છે. અને તમે એમ ન સમજતા કે અમને નોકરીમાંથી કાઢી મુકયા બાદ શાળાઓ બંધ થઈ જશે. શિક્ષકોને નોકરી ભણાવવા માટે આપવામાં આવી છે. છતાં જુદાજુદા પરિપત્રો કરવા પડે છે. શિક્ષણવિભાગ જ એવો છે કે તેમના કાર્ય માટે પરિપત્રો કરવામાં આવે છે. પીટીસી, બીએડ સહિતની ડીગ્રીઓ મેળવી હોવા છતાં રિજલ્ટ નથી આપી શક્યા. જેની પાછળનું કારણ એક જ છે કે, એજન્ડા પ્રમાણે આપણે કામ કરતા નથી. અને એટલે પ્રશ્નનો ઉકેલ પણ આવતો નથી. શિક્ષણથી બાળક શાળામાં ટકે તે કામ શિક્ષકે કરવાનું છે. આપણે શિક્ષકનું કામ કરીને સરકાર ઉપર કોઈ ઉપકાર કરતા નથી. સમાજમાં સરકારી શાળાની ઈજ્જત આપડે પ્રસ્થાપિત કરી શકતા નથી. ત્યારે હવે આપણી આવી માનસિકતામાંથી બહાર આવવું પડશે. અને એટલા માટે જ જિલ્લા લેવલે આવી મિટીંગ કરવાનો મુળભૂત હેતુ છે.

બનાસકાંઠા જીલ્લાની પ્રાથમિક શાળાઓમાં મિશન વિદ્યા અંતર્ગત થયેલી કામગીરીની સમીક્ષા કરવા માટે ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ નિયામક મહેશ જોષીએ જિલ્લા મથક પાલનપુર ખાતે કાનુભાઈ મહેતા હોલમાં સમીક્ષા સેમીનાર યોજાયો હતો. જેમાં શિક્ષણ નિયામકે જિલ્લા શિક્ષણાધિકારી, તાલુકા શિક્ષણાધિકારી, બીઆરસી, સીઆરસી સહિત શાળાના શિક્ષકોનો જાહેરમાં રીતસરનો ઉધડો લીધો હતો.

હોલમાં પ્રોજેક્ટ દ્વારા મિશન વિદ્યા અંતર્ગત થયેલી કામગીરીના આંકડા સ્ક્રિન ઉપર દર્શાવવામાં આવી રહ્યા હતા. ત્યારે નિયામકે માઈક હાથમાં લઈ લીધુ હતુ. અને આ તમામ આંકડા આભાસી હોવાનું જણાવી ખરેખર કેટલા નબળા છાત્રો ઉપર કામગીરી કરવામાં આવી તે અંગે તાલુકા પ્રમાણે ટીમને જાહેરમાં ઉભા કરી પ્રશ્નોત્તરી કરી હતી. જોકે, જિલ્લાનો એકપણ શિક્ષક તેમના પ્રશ્નનો સાચો જવાબ આપી શક્યો ન હતો. જે તેમણે બનાસકાંઠા જીલ્લાના શિક્ષણ માટે શરમજનક બાબત ગણાવી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત શિક્ષકોની સ્થિતિ કાપો તો લોહી ન નિકળે તેવી જોવા મળી હતી.

# શ્રી વિમુક્ત જાતિ કલ્યાણ મંડળ, હિંમતનગરના જૂના ટ્રસ્ટીઓને ટ્રસ્ટી પદેથી દૂર કરી નવા નિમાયા

હિંમતનગર, તા. ૨

શ્રી વિમુક્ત જાતિ કલ્યાણ મંડળ હિંમતનગર જિ. સાબરકાંઠા જેનો નોંધણી નંબર એફ/૨૦૭/સાબરકાંઠા છે તે કામમાં ટી.પી.આર. ઉપર નોંધાયેલા ટ્રસ્ટીઓની મુદત પુરી થતાં ટી.પી.આ. ઉપર નોંધાયેલા ટ્રસ્ટીઓના નામ કરી કરવા અને નવા ટ્રસ્ટીઓની વરણી થઈ હતી. તેમના નામો ટ્રસ્ટીઓ તરીકે દાખલ કરવા કાયદેસર રીતે ટ્રસ્ટે ફેરફાર રીપોર્ટ નં. ૧૪૭/૨૦૧૨ મે. મદદનીશ ચેરિટી કમિશનરશ્રી હિંમતનગરની કચેરીમાં રજૂ કરેલ હતો, તે ફેરફાર અનુસંધાને કાયદેસર કાર્યવાહી બાદ મે. મદદનીશ ચેરિટી કમિશનરશ્રી હિંમતનગરે તેમના હુકમ તા. ૨૫/૯/૨૦૧૮ દ્વારા ફેરફાર રીપોર્ટ મંજૂર કરીને કામમાં દિલીપભાઈ મનુસુખભાઈ ચૌધરી અને અન્યોને લીધેલ વાંધા રદ કર્યા છે. આમ મદદ. ચેરિટી કમિશનરશ્રી હિંમતનગરના હુકમ અનુસાર આ ટ્રસ્ટીના ટ્રસ્ટી તરીકેથી ચૌધરી દિલીપભાઈ મનુસુખભાઈ ચૌધરી, ચંદ્રીકાબેન શનભાઈ વાઘેલા, કાન્તિભાઈ કચરાભાઈ વાઘેલા, જયંતિભાઈ લલ્લુભાઈ વાઘેલા અને પોપટભાઈ તીતાભાઈ વાઘેલાના નામો કરી થયેલા હોઈને તેઓ આ ટ્રસ્ટીના ટ્રસ્ટી પદે રહેતા નથી. તેવી સંબંધકર્તાઓએ અને લાગતા વળગતા સરકારી ખાતાઓએ નોંધ લેવી.

આ ઉપરાંત ટ્રસ્ટના પ્રમુખશ્રી બાલુભાઈ ફતાજી વાઘેલાએ ટી.પી.આર. ઉપર નોંધાયેલા ટ્રસ્ટીઓ જે દિલીપભાઈ મનુસુખભાઈ ચૌધરી, ચંદ્રીકાબેન શનાભાઈ વાઘેલા, કાન્તિભાઈ કચરાભાઈ વાઘેલા, જયંતિભાઈ લલ્લુભાઈ વાઘેલા આ ચારનાઓએ ટ્રસ્ટી તરીકે ફરજોનું ઉલ્લંઘન કરેલ હોઈ ટ્રસ્ટી પદેથી તેમને દૂર કરવા સારુ નામદાર ડીસ્ટ્રીક્ટ જજ સાહેબશ્રી હિંમતનગર સમક્ષ દાવો દાખલ કરવાની મંજૂર માટે અરજી નં. ૫૧/૨૦૦૬થી મે. ચેરિટી કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ સમક્ષ માગતાં જરૂરી કાર્યવાહી કરીને તેઓશ્રીએ તેમના હુકમ તા. ૧૬/૨/૨૦૦૯ અનુસાર મંજુરી આપતાં ઉપર ઉલ્લેખ કરેલા ચારેય ટ્રસ્ટીઓને ટ્રસ્ટના ટ્રસ્ટી પદેથી દૂર કરવાનો દાવો ટ્રસ્ટ દાવા નં. ૬/૨૦૦૯ તા. ૨/૩/૨૦૦૯ના દ્વારા દાવો મે. ડીસ્ટ્રીક્ટ જજ હિંમતનગર સમક્ષ દાખલ થયો હતો. તે કામમાં સદર દાખલ થયેલ દાવાના અનુસંધાને જરૂરી નિયમાનુસારની કાર્યવાહી બાદ મે. ડીસ્ટ્રીક્ટ જજ હિંમતનગરશ્રીએ તા. ૩૦/૧૦/૨૦૧૮ના રોજ ચુકાદો જાહેર કરીને સદર દાવો મંજૂર કરી આ ટ્રસ્ટના ટ્રસ્ટી પદેથી દિલીપભાઈ મનસુખભાઈ ચૌધરી, ચંદ્રીકાબેન શનાભાઈ વાઘેલા, કાન્તિભાઈ કચરાભાઈ વાઘેલા, જયંતિભાઈ લલ્લુભાઈ વાઘેલા, પોપટભાઈ તીતાભાઈ વાઘેલાને દૂર કરવા હુકમ કર્યો છે. જેથી આ ઈસમો આ ટ્રસ્ટના ટ્રસ્ટી પદે કાયદેસર રીતે ચાલુ રહેતા નથી. તેથી આ ઈસમો આ ટ્રસ્ટના ટ્રસ્ટી પદે ચાલુ રહેતા ન હોય ટ્રસ્ટી વતી કોઈપણ કાર્યવાહી કરવાની સત્તા કાયદેસર રીતે તેમની પાસે રહેતી ન હોઈ તેમની કોઈપણ જાતની રજૂઆતોને લક્ષ ન આપવા કે અંગે કોઈ વિચારણા ન કરવા સંબંધકર્તાઓએ અને લાગતા વળગતા સરકારી ખાતાઓએ નોંધ લેવી.

આમ ટ્રસ્ટના દાવા નં. ૬/૨૦૦૯ના કામમાં તેમજ ફેરફાર રીપોર્ટ નં. ૧૪૭/૨૦૧૨ના કામમાં સાબરકાંઠા જિલ્લાના ડીસ્ટ્રીક્ટ જજ સાહેબશ્રી અને મદદ. ચેરિટી કમિશનરશ્રી હિંમતનગર તથા આ કામમાં વિદ્વાન વકીલશ્રી એમ. આર. સોલંકી તથા એમ.પી. ઠાકુર વિગેરેનો સંસ્થા વતી આભાર માનવામાં આવે છે.

# પ્રથમ બેચના તમામ ૨૫૪ વિદ્યાર્થીઓ માટે ૧૦૦ ટકા પ્લેસમેન્ટની સિદ્ધિ પછીનું નવું કદમ

ગણપત વિદ્યાનગર, તા. ૨

ગણપત યુનિવર્સિટી કેમ્પસ ખાતે નિર્માણ પામેલા દેશના પ્રથમ ‘જિમ’ ઈન્સ્ટીટ્યૂટના વિસ્તરણ માટે ઉભા થનાર નવા ભવનનું ભૂમિપૂજન ગઈ તા. ૩૧મીની સવારે યોજવામાં આવ્યું હતું. આ પાવન અવસરે ગણપત યુનિવર્સિટીના પેટ્રેન-ઈન-ચિફ અને પ્રેસિડેન્ટ ગણપતભાઈ પટેલ, યુનિ.ના ડાયરેક્ટર જનરલ પ્રો. ડૉ. મહેન્દ્ર શર્મા, મારૂતિ સુઝુકી-જિમના ડેપ્યુટી જનરલ મેનેજર નરેન્દ્રકુમાર, યુનિ.ના રજિસ્ટ્રાર ડૉ. અમિત પટેલ સહિત મારૂતિ તેમજ ગણપત યુનિ. પરિવારના અનેક અધિકારીઓ, મહેમાનો, મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

અહીં એ નોંધવું ઉચિત ગણાશે કે હજુ તો હમણાં જ, ૨૦૧૭માં શરૂ થયેલા આ ‘જિમ’માંથી ૨૦૧૮માં પાસ-આઉટ થયેલા વિવિધ આઈટીઆઈ કોર્સના તમામ ૨૫૪ વિદ્યાર્થીઓને સુઝુકી મોટર્સ, ગુજરાત અને અન્ય સંબંધિત વેન્ડર ઈન્ડસ્ટ્રીઝ દ્વારા જોબ આપવામાં આવી છે. એટલે કે તેમનું સોએ સો ટકા પ્લેસમેન્ટ થઈ ગયું છે. એટલું જ નહી, મારૂતિ સુઝુકી ગુજરાત પ્લાન્ટ તેમજ તેને વિવિધ પાર્ટ્સ (પૂજી) પૂરાં પાડતા વિવિધ ઉદ્યોગ દ્વારા આ ‘જિમ’ દ્વારા ઔદ્યોગિક તાલીમ યોજાતા વિવિધ ટ્રેડના કુશળ યુવાનોની એટલી માંગ ઉભી થઈ છે કે એને અનુસરીને હવે ‘જિમ’નું વિસ્તરણ કરવું જરૂરી બની ગયું છે.

હાલ આ જિમ દ્વારા ૪૩૨ જેટલાં વિદ્યાર્થીઓને એનસીવીટી માન્યતા પ્રાપ્ત એવાં આઠ આઈટીઆઈ કોર્સિસ ચલાવવામાં આવે છે, જેમાં ફિટર, ઈલેક્ટ્રિસિયન, મિકેનિક મોટર વેહિકલ, મિકેનિક ડિઝલ એન્જિન, વેલ્ડર, મિકેનિક ઓટો બોડી રિપેર, મિકેનિક ઓટો બોડી પેઈન્ટ અને ડ્રાઈવર કમ મિકેનિક ટ્રેડર્સનો સમાવેશ થાય છે. પરંતુ હવે મારૂતી સુઝુકી અને અન્ય સંબંધિત ઉદ્યોગો દ્વારા ઉભી થઈ રહેલી નવા ટ્રેડમાં ટ્રેઈન થયેલા વિદ્યાર્થીઓની જરૂરિયાત મુજબ જિમ દ્વારા નવા વિસ્તરિત જિમ બિલ્ડિંગમાં ત્રણ નવા ટ્રેડ-કોર્ષનો ઉમેરો થશે જેમાં (૧) પ્રેસ-ટૂલ્સ, જિગ્સ અને ફિક્ચર્સ, (૨) ડાઈઝ એન્ડ મોલ્ડસ અને (૩) મશિનિસ્ટનો સમાવેશ થાય છે.

‘જિમ’નું નવું ભવન-વર્કશોપ ૧૦,૦૦૦ સ્કવેર ફીટ જેટલું વિશાળ હશે જેમાં વધુ ચારસો-સાડા ચારસો જેટલાં વિદ્યાર્થીઓને ઉપરોક્ત કોર્સિસ ભણાવવામાં આવશે. આગામી થોડાં વર્ષોમાં ‘જિમ’ની કુલ વિદ્યાર્થી ક્ષમતા ૧૫૦૦ જેટલી હોય તેવો ગણપત યુનિવર્સિટી અને મારૂતિ સુઝુકીનો પ્રયાસ છે અને રહેશે.